જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૯/૨૦૧૪ સોમવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૧/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૮ કેસ કરી ૨૮ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૧ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૪ કેસ કરી ૩૮ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૯૦,૪૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૨/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.તેમજ પ્રોહી ૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**ખુન :-** **સમાચાર યાદી નં.૨૩૯૩/૧૪**

**જીઆઈડીસી વટવાઃ** મહેશભાઇ રામાભાઇ સરૈયા (ભરવાડ) (રહે.નવી વસાહત, માનસીપુરા, જશોદાનગર, જી.આઇ.ડી.સી.વટવા) એ એલ.જી.હોસ્પીટલ ખાતે જી.આઇ.ડી.સી. વટવા પોલીસ સમક્ષ ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૯/૧૪ રાતનાં ૮/૩૦ વાગે જી.આઇ.ડી.સી.વટવા ફેજ નં.૩ પ્લોટ નં.૧૬૦૩ ચેસ ઇન્જીનીયરીંગ પ્રા.લી.કંપનીના પાર્કિંગ આગળ આરોપી હિરાભાઇ પોપટભાઇ ભરવાડ (રહે.ચેસ ઇન્જીનીયરીંગ પ્રા.લી.કંપની આગળ) એ પોતાના પિતા રામાભાઇ ભુટાભાઇ સરવૈયા (ભરવાડ) (ઉ.વ.૬૦) નાઓ સાથે ટીફીન બાબતે બોલોચાલી ઝઘડો કરી, ઇંટો વડે રામાભાઇને માથાનાં ભાગે ગંભીર ઇજાઓ કરતાં સારવાર અર્થે રામાભાઇને એલ.જી.હોસ્પીટલમાં દાખલ કર્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૯/૪૦ વાગે તેમનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી બી.ડી.ચૌધરી ચલાવે છે.

**છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૪/૧૪**

**ક્રાઇમબ્રાન્ચ :** દશરથભાઈ ત્રીભોવનદાસ પટેલ (રહે.કાર્ય શીરોમણી ફ્લેટ, ડફનાળા રોડ, શાહીબાગ) એ તા.૨૧/૯/૧૪ ના રોજ ક્રાઇમબ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે ૨૫/૦૮/૨૦૧૪ થી ૧૫/૦૯/૧૪ દરમ્યાન ઇન્ટરનેટ મારફતે આરોપી (૧) અજય દત્તા ખાતા નં. ૦૩૯૭૦૦૧૦૧૦૧૧૨૭૧ કોર્પોરેશન બેન્ક, રાસબહારી એવન્યુ, કલકત્તા), (૨) મેક્સ ઈન્ડીયા ખાતા નં. ૦૩૯૭૦૧૬૦૧૦૦૨૨૨૨ કોર્પોરેશન બેન્ક, રાસબહારી એવન્યુ, કલકત્તા) અને (૩)ઉપરોક્ત બન્ને ઈસમો સાથેના તમામ મળતીયાઓએ મો.નં. ૯૮૨૪૨૫૭૭૯૪ માં નેટ બેકીંગમાં વપરાતો વન ટાઈમ પાસવર્ડ બેંક તરફથી આપવામાં આવે છે તે પાસવર્ડ મેળવવા માટે દશરથભાઇનું સીમકાર્ડ બોગસ ડોક્યુમેન્ટ આપી અવાર-નવાર બંધ કરાવી, બીજુ સીમકાર્ડ મેળવી, વન ટાઈમ પાસવર્ડ મેળવી લઈ, દશરથભાઇના બેન્ક ઓફ ઈન્ડીયાના ખાતામાંથી કુલ રૂપિયા ૪,૦૦,૦૦૦/- ના ખોટા ઓનલાઈન ટ્રાન્જેકશન કરી, બન્ને આરોપીઓએ ઉપરોક્ત બેન્કના ખાતામાં જમા કરાવી દશરથભાઇ સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી એસ આર ટંડેલ, ક્રાઈમ બ્રાન્ચ ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં.૨૩૯૫/૧૪**

**સરદારનગર :** વિનોદભાઇ મુળચંદભાઇ વાધવાની (રહે.અક્ષરધામ સોસાયટી, કોતરપુર) એ તા.૨૧/૯/૧૪ નારોજ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૯/૯/૧૪ બપોરનાં ૪/૩૦ થી તા.૨૦/૯/૧૪ રાતનાં ૧૦/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૨,૫૩,૧૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ ઇ.પો.ઇ.શ્રી એમ.કે.સડાત ચલાવે છે.

**નારણપુરા :** ગિરીશભાઈ તુલસીભાઈ ગોસ્વામી (રહે. હુડકો ફલેટ,જુનાવાડજ) એ નારણપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૯/૧૪ રાતનાં ૯/૩૦ થી તા.૨૧/૯/૧૪ સવારનાં ૫/૩૦ વાગ્યા દરમ્યાન નારણપુરા, વિજયનગર પાસે,નળકુંજ સોસાયટી ખાતે આવેલ પોતાની દુકાન નં. ૪, બ્લ્યુ આઈસ નામની દુકાનના શટરનું તાળુ તોડી અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી રેડીમેઇડ કપડા જુદાં-જુદાં કુલ નંગ-૭૦૦ કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વાય.એસ.રાઓલ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૯૬/૧૪**

**ઘાટલોડીયા :** ભુમિબેન નારણભાઇ ઠક્કર(ઉ.વ.૨૧)(રહે.મારૂતિ એપાર્ટમેન્ટ, સોલા રોડ, ઘાટલોડીયા) એ તા.૨૦/૯/૧૪ રાતનાં ૯/૪૫ વાગ્યાના સુમારે કોઇ કારણસર પોતાના ઘરે છતની જાળી સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઘાટલોડીયા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ છગનસિંહ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.